**મહે. સુરતના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ અને**

**મોટર એક્સીડન્ટ ક્લેઈમ(મેઈન) સાહેબની કોર્ટમાં, સુરત.**

*** એવોર્ડ ***

**મોટર એક્સીડન્ટ ક્લેઈમ પીટીશન નં. ૨૭૪/૨૦૨૨**

**આંક–૨૩**

અરજદારઃ જયદીપભાઈ ચીમનભાઈ પટેલ,

ઉ.આ.વ. ૧૯, ધંધો–મજુરીકામ, (હાલ કાંઈ નહીં)

મું.ગામ. જોગવાડ, કુંડળ ફળીયુ, તા. ચીખલી, જી. નવસારી.

હાલ રહે. ૧૧૫, પહેલો માળ, તુલશીશ્યામ સોસાયટી, શ્યામધામ ચોક, નાનાવરાછા, સુરત.

**અરજદારો નાં વિદ્વાન વકીલ શ્રી પી.કે.ખેની,**

**વિરૂધ્ધ**

સામાવાળાઃ

૧. વિરેન ધર્મેશકુમાર પટેલ,

ઉ.આ.વ. ૨૩, ધંધો–ડ્રાઈવીંગ,

રહે. ૨૨૪, ગામતળ ફળીયુ, વાંસકુઈ, તા. મહુવા, જી.સુરત–૩૯૪૨૪૦

૨. ધર્મેશકુમાર છોટુભાઈ પટેલ,

ઉ.આ.વ. પુખ્ત, ધંધો– ખેતીકામ,

રહે. ૨૨૪, ગામતળ ફળીયુ, વાંસકુઈ, તા. મહુવા, જી.સુરત–૩૯૪૨૪૦

૩. ઈફકો ટોકીયો જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી.

ઠે. ૨૧ મી સેન્ચ્યરી બીઝનેસ સેન્ટર, વર્લ્ડ ટ્રેડ સેન્ટરની બાજુમા, રીંગ રોડ, સુરત.

**સામાવાળા નં.૩ ના વિદ્વાન વકીલશ્રી બી.પી.મોદી**

**અરજી દાખલ તારીખઃ ૧૭/૦૬/૨૦૨૨**

**અરજી નિકાલ તારીખઃ ૦૯/૦૯/૨૦૨૩**

**મોટર વ્હીકલ એક્ટ સેક્શન–૧૬૬ હેઠળ**

**રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– નું વળતર મેળવવા અંગેની અરજી.**

**અરજદારની અરજ એવી છે કે,**

તા.૦૫/૦૨/૨૦૨૨ નાં રોજ સાંજના સમયે આશરે ૧૯–૩૦ કલાકે અરજદાર તેના ફળીયામાં રહેતા જીતુભાઈ નાયકાના લગ્ન હોય ત્યાં ગયેલા અને ત્યાંથી અરજદાર તથા મિત્ર આર્યન મોટર સાયકલ નં. જી.જે.૨૧.આર.૪૧૩૨ લઈને વાંસકુઈ ગયેલા અને વાંસકુઈ થી જોગવાડ ગામ તરફ જતા હતા, ત્યારે બામણીયા ગામના બસ સ્ટેન્ડ પહોંચ્યા ત્યારે ગુજરનાર કેતનભાઈ પોતાની મોટર સાયકલ પોતાની ડાબી સાઈડમાં ધીમે ધીમે ચલાવીને જતા હતા અને તેની સાથે તેના મિત્ર અરજદાર જયદીપ તથા આર્યન, તેમની મોટર સાયકલ પાછળ બેઠેલ હતા ત્યારે આ કામના સામાવાળા નં. ૧ નાએ પોતાની ફોરવ્હીલ કાર નં. જી.જે.૦૫.જે.એ.૬૯૮૨ ને પુરપાટ ઝડપે પોતાનું વાહન બેદરકારીપુર્વક, ટ્રાફિકનાં નિયમોનું પાલન કર્યા સિવાય તેમજ માણસની જાન જીંદગી જોખમાય તે રીતે, તદ્દન રોંગ સાઈડમાં ચલાવી લાવી અકસ્માત સર્જેલ. આ અકસ્માતથી અરજદારને ગંભીર ઈજાઓ થવાથી બનાવના સ્થળેથી ૧૦૮ માં નવસારીની સીવીલ હોસ્પીટલમાં લઈ જવામાં આવેલ અને ત્યાં તેઓને ઈન્ડોર પેશન્ડ તરીકે દાખલ કરવામાં આવેલ. અને આ અકસ્માત બનવાનુ કારણ સામાવાળા નં. ૧ નાની ભુલ અને બેદરકારીના કારણે અકસ્માત સર્જાયેલ. આ અકસ્માતથી અરજદારને કાયમી ખોડ રહી જવા પામેલ છે. તેમજ અરજદારને જમણા પગમાં ગંભીર ઈજાઓ થયેલ હોય જે પાતળો અને ટુકો થઈ ગયેલ છે. તથા માથાના ભાગે મુંઢમાર ની ઈજાના ટાંકાઓ લેવામાં આવેલ. તેમજ અરજદાર પહેલાની જેમ મહેનત મજુરી કામ કરી શકશે નહી. આ અકસ્માતના કારણે સારવાર પાછળ ખુબ જ મોટો ખર્ચ થયેલ છે. મજકૂર બનાવ અંગે મહુવા જી. સુરત(ગ્રામ્ય) પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નં.૧૧૨૧૪૦૩૧૨૨૦૧૩૬ /૨૦૨૨ થી સામાવાળા નં.૧ સામે ગુનો નોંધાયેલ છે. જેના વળતર પેટે રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા દશ લાખ પુરા મેળવવા માટે આ અરજી કરેલ છે. અરજદારે હાલની વળતર અરજી નાદારીમાં દાખલ કરેલ છે.

આજ તારીખ ૦૯ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ સુરતના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ અને મોટર એક્સીડન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલ (મેઈન) શ્રી વિમલ કે. વ્યાસ સાહેબ રૂબરૂ અરજદાર તરફે વકીલશ્રી પી.કે.ખેની તથા સામાવાળા નં. ૩ નાં વિ.વ.શ્રી બી.પી.મોદી ની હાજરીમાં આખરી નિકાલ માટે કાયમી લોકઅદાલતમાં નીકળ્યા ઉપરથી કરારદાદ **આંક–૨૨** ઉપરથી તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજના હુકમ મુજબ એવો હુકમ કરવામાં આવે છે કે,

અરજીવાળા અકસ્માત બદલ ચુકવણી માટે સામાવાળા નં. ૩ ને આથી એવો હુકમ કરવામાં આવે છે કે, રૂપીયા ૩,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) ની રકમ ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે.

સદરહું અકસ્માત બદલ સામાવાળા નં.૩ એકમતે, એક જુથે રૂ. ૩,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) અરજદારને સાથે ચુકવે અને આ રીતે ઉપર મુજબ નક્કી થયેલી રકમની ચુકવણીથી સામાવાળા નં. ૩ પોતાના આ ક્લેઇમ અંગેની જવાબદારીમાંથી સંપૂર્ણ મુક્ત થયેલા ગણવાના છે.

સદર આ રકમની ચુકવણી થયેથી આ ક્લેઈમ અંગેની જવાબદારીમાંથી સામાવાળા નં. ૧ થી ૩ સંપૂર્ણપણે મુક્ત થયેલા ગણાશે. આ કામમાં જોડાયેલા અરજદારો સિવાય બીજા કોઈનું હિત નથી.

સદરહું રકમ સામાવાળા નં. ૩ નાએ સર્ટીફાઈડ કોપી મેળવ્યાની તારીખથી ત્રણ માસમાં ટ્રીબ્યુનલમાં જમા કરાવવી. જો એ પ્રમાણે જમા કરાવે નહીં તો ઉપરોક્ત રકમ આજની તારીખથી -- ટકાના વ્યાજ સહીત ચુકવવાની રહેશે.

લીગલ સર્વિસ ઓથોરીટી એક્ટ-૧૯૮૭ની કલમ ૨૧ મુજબ જ્યારે લોક અદાલતમાં કલમ ૨૦(૧) હેઠળ મુકેલ કેસોમાં સમાધાન અથવા સેટલમેન્ટ થયેલ હોય ત્યારે એવા કેસોમાં કોર્ટ ફી એક્ટ ૧૮૭૦ હેઠળ ચુકવેલ કોર્ટ ફી રીફંડ કરવાની રહેશે.

કોર્ટ ફી એક્ટ-૧૮૭૦ ની કલમ ૧૬ ની જોગવાઈ મુજબ જ્યારે દાવાવાળા પક્ષકારોને સિવિલ પ્રોસીજર કોડ ૧૯૦૮ની કલમ ૮૯ માં કરેલ કોઈપણ રીટની તકરારની સમાધાન માટે રીફર કરે ત્યારે અરજદાર એવા દાવામાં ભરેલ કોર્ટ ફીની પુરેપુરી રકમ કલેક્ટર પાસેથી લેવા માટે કોર્ટમાંથી પ્રમાણપત્ર લેવાને હકદાર રહેશ. આથી આવા કેસોમાં કોર્ટ ફી વસુલાત કરવાની જરૂરીયાત રહેતી નથી, અને જો કોઈ કોર્ટ ફીની રકમ જમા કરાવેલ હોય તો અરજદાર તે કોર્ટ ફીની રકમ પરત મેળવવાને હકદાર રહેશે.

**ORDER BELOW Exh. 1 IN M. A. C. P. No. 274/2022**

[1] The compromise pursis is produced today in this Lok Adalat by the claimant/Ld. Advocate for the claimant and the Ld. Advocate for the Insurance Company, which was read over and explained to them. They admitted the same and hence the same is recorded. Award be drawn up in terms of the Compromise.

[2] As the amount of settlement Rs.3,00,000/-, which is small amount and it is less than 5 lacs rupees, the entire amount be paid to them by Account Payee Cheque, after due verification.

[3] As the matter is compromised between the parties, the Court fee amount, if any, be refunded.

The Insurance Company is directed to deposit the Award amount as per the direction given by the Hon'ble Supreme Court in Writ Petition(s) (Civil) No.534/2020 through RTGs or NEFT mode in the account of Additional District Judge, Surat the details of accounts are as under :-

| | | |
|---|---|---|
| Branch | : | State Bank of India,<br>Nanpura Branch, Surat |
| A/c Name | : | Additional District Judge, Surat |
| A/c. No. | : | 40750729019 |
| IFSC | : | SBIN0001388 |
| MICR | : | 395002004 |

After deposited the awarded amount in this account, the insurance company shall inform and send the copy of said bank advice to the MACP Tribunal through email ID No.dcourt-mact-sut@gujarat.gov.in.

The Applicants shall provide the details of PAN Card, Aadhar Card and Saving Bank Account for transfer of compensation as per the direction given by the Hon'ble Supreme Court in Writ Petition(s) (Civil) No.534/2020.

The conditions as regards the F.D.R. will be made at the time of withdrawal of amount.

ખર્ચ સબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.
અરજદારે હાલની વળતર અરજી નાદારીમાં દાખલ કરેલ છે.

આજ તારીખ ૧૩ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કા સાથે આપ્યું.

(આસીસ્ટન્ટ)
ડીસ્ટ્રીક્ટ કોર્ટ,
સુરત

(ડે.રજીસ્ટ્રાર)
એમ.એ.સી.ટી.બ્રાન્ચ,
ડીસ્ટ્રીક્ટ કોર્ટ, સુરત

**(વિમલ કે. વ્યાસ)**
એમ.એ.સી.ટી.(મેઈન) અને
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ,
સુરત.

અરજદારના વકીલશ્રી પી.કે.ખેની
સામાવાળા નં. ૩ નાં વકીલ શ્રી બી.પી.મોદી

(આ મુક્દમાના પક્ષકારોને એવી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ રજુ કરેલા દસ્તાવેજો માહેથી અપીલનો નિકાલ થયા પછી, કોઈપણ દસ્તાવેજ લઈ જવામાં નહી આવે તો તે (દસ્તાવેજ) નાશ કરવાને પાત્ર ગણાશે.)